# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-12-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ ઉજવણી:

આજે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ છે. દર વર્ષે આજ રોજ ઉર્જા સંરક્ષણના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને ઉર્જા કાર્યક્ષમતામાં રાષ્ટ્રની સિદ્ધિઓને ઉજાગર કરવા માટે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ પુરસ્કારો 2025 અને ઉર્જા સંરક્ષણ પર રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધા 2025 ના વિજેતાઓનું સન્માન કર્યું. સભાને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ઉર્જા સંરક્ષણ હવે માત્ર એક વિકલ્પ નથી પરંતુ વર્તમાન સમયની જરૂરિયાત છે. રાષ્ટ્રપતિ મુર્મુએ ભાર મૂક્યો કે ઉર્જાનો દરેક એકમ બચાવ પ્રકૃતિ પ્રત્યે જવાબદારીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે અને ભવિષ્યની પેઢીઓ માટે કાળજી અને સંવેદનશીલતા દર્શાવે છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે ભારતે ઉર્જા સંરક્ષણ અને સ્વચ્છ ઉર્જા સંક્રમણના ક્ષેત્રોમાં નોંધપાત્ર પગલાં લીધાં છે. રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે દેશે નિર્ધારિત સમયમર્યાદા પહેલા તેની સ્વચ્છ ઉર્જા પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી છે, જે ઉર્જા કાર્યક્ષમતા અને ડીકાર્બોનાઇઝેશનની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

---

## પુર્વ કચ્છ-નેત્રમ કામગીરી:

પૂર્વ કચ્છ-ગાંધીધામના નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ નવેમ્બર 2025 સુધીમાં 21,220 ઈ-ચલણ મોકલી કૂલ રૂપિયા 1 કરોડ 26 થી વધુનો લાખ ફટકારાયો છે.

ગાંધીધામ શહેરના માર્ગો ઉપર અકસ્માત તેમજ ગુનાખોરીના ગ્રાફને નીચો લાવવા માટે રાજય સરકારના સેફ એન્ડ સિકયોર ગુજરાત પ્રોજેકટને ધ્યાનમાં રાખી વિડીયો ઇન્ટીગ્રેશન એન્ડ સ્ટેટ વાઇડ એડવાન્સ સિકયુરીટી -વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત સીસી ટીવી કેમેરા આધારિત ટ્રાફિક નિયમન વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવી છે.

જેમાં અલગ અલગ નિયમન ભંગ માટે ઇ-ચલણો સિધા વાહન ચાલકો સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. નેત્રમ કમાન્ડ કંટ્રોલ રૂમ દ્વારા આ કડક કાર્યવાહીથી રસ્તા પર અનુશાસન વધે અને અકસ્માતો ઘટે તે હેતુથી ટ્રાફિક નિયમોનું પાલન કરવા વાહનચાલકોને અપીલ કરવામાં આવી છે.

આ ઉપરાંત, નેત્રમ ગાંધીધામે છેલ્લા ત્રણ વર્ષમાં અલગ અલગ પ્રકારના કુલ્લ 1,115 ગંભીર ગુનાઓ હાઇ ટેક કેમેરાની મદદથી શોધી કુલ્લ રૂ. 1 કરોડ 53 લાખ 94 હજાર 539 જેવી રકમ રીકવર કરાવડાવી આ ગંભીર ગુનાઓમાં ભોગ બનનાર ફરીયાદીઓને પરત અપાવી છે.

---

## <u>બીચ ફેસ્ટીવલનું આયોજન-માંડવી:</u>

માંડવી બીચ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવાસન માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ત્યારે રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા આગામી તારીખ 21થી 31 ડિસેમ્બર સુધી બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષના અંતિમ દિવસોને યાદગાર બનાવવા માટે યોજાનારા આ 10 દિવસીય ઉત્સવમાં વિવિધ મનોરંજન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. બીચ ફેસ્ટિવલની પ્રાથમિક તૈયારીઓ તેજ ગતિએ ચાલી રહી છે. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી સહિત વીવીઆઈપી મહાનુભાવો હાજર રહે તેવી શક્યતા હોવાથી વહીવટી તંત્રએ બીચનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

આ ફેસ્ટીવલમાં સ્થાનિક હસ્તકલા પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકનૃત્ય, સંગીત, તેમજ વિવિધ મનોરંજનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પ્રવાસીઓને અનોખો અનુભવ અપાશે. દેશ-વિદેશથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવવાની સંભાવનાને ધ્યાને લઈ ટ્રાફિક નિયંત્રણ, કાયદો અને

વ્યવસ્થાની જાળવણી તથા સુરક્ષા વ્યવસ્થાને લઈને સંબંધિત તંત્રોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------------

## DPA-ડીસેલિનેશન-વર્કશોપનું આયોજન:

દીનદયાળ પોર્ટ ઓથોરિટી (DPA) ખાતે ડિસેલિનેશન એટલેકે ખારૂં પાણી મીઠું બનાવતી અને વીજળી બનાવતી ટેક્નોલોજી અંગે બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં દેશના મુખ્ય બંદરોના અધિકારીઓ, ઉદ્યોગ જગતના આગેવાનો, અધિકારીઓ તથા કર્મચારીઓએ ભાગ લીધો હતો.

આ ટેક્નોલોજી એકસાથે બે કામ કરે દરિયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવે છે અને એ જ પ્રક્રિયામાંથી હાઇડ્રોજન જેવી ગ્રીન એનર્જી પણ ઉત્પન્ન કરે છે. આ પ્રસંગે DPAના ચેરમેન સુશીલ કુમારે કહ્યું કે, ભારતીય બંદરો ગ્રીન ટ્રાન્ઝિશનના માર્ગે આગળ વધી રહ્યા છે અને આવી ટેક્નોલોજીથી આપણે પાણીની સમસ્યા ઉકેલવાની સાથે ક્લીન એનર્જી પણ ઉત્પન્ન કરીશું.

---------------------------------------------------------------------------------------------------

## BSF એમ્બ્યુલન્સ અર્પણ:

જીલ્લાના સરહદી વિસ્તારમાં ફરજ બજાવતા સરહદના સંત્રીઓને સમયસર સારવાર મળી રહે તે માટે જિલ્લા વિકાસ અધિકારીની ગ્રાન્ટમાંથી ગાંધીધામ સ્થિત બી.એસ.એફ. બટાલિયન માટે એમ્બ્યુલન્સ અર્પણ કરાઈ હતી.

જિલ્લા પંચાયત ખાતે આયોજિત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, ગાંધીધામ બી.એસ.એફના કમાન્ડન્ટ એસ.એચ. વિજયકુમાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરી, વગેરેના હસ્તે એમ્બ્યુલન્સને લીલીઝંડી આપી બીએસએફ સરહદના સંત્રીઓની સેવામાં અર્પણ કરાઈ હતી.

વિસ્તારની દૃષ્ટિએ દેશના સૌથી વિશાળ અને ભૌગોલિક દૃષ્ટિએ કઠિન અને અંતરિયાળ વિસ્તાર ધરાવતા કચ્છમાં બેઝીક લાઈફ સપોર્ટ જેવી આરોગ્ય એમ્બ્યુલન્સ અગત્યનું સાધન બનશે તેવો આશા વ્યક્ત કરાયો હતો.

---